અપીલ અરજી નં.૪૯/૦૮–૦૯ તા. ૩૦–૫–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ આસી.કમિશ્નર,/ડે.કમિશ્નર (સ્પે)અને જાહેર માહિતી અધિકારી

## *હુકમઃ–*

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલી ની તા.૨૩–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ સેન્ટ્રલ ઝોન વિસતારમાં કુલ કેટલા વાચનાલય ચાલે છે તેની એડ્રેસ સહિતની માહિતી અને મુદ્દા નં.૨ તેના ભાડા અંગેની માહિતી અને તે અંગે થયેલા કરારો પરિપત્રો હુકમો ભાડા રસીદ અને પરવાનગી વિગેરે બાબતે સંલગ્ન તમામ માહિતીના પ્રમાણપત્ર બાબત.

સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૩૦–૫–૦૮ ની અપીલ અરજી નં.૪૯/૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલી ની તા.૨૩–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ સેન્ટ્રલ ઝોન વિસતારમાં કુલ કેટલા વાંચનાલય ચાલે છે તેની એડ્રેસ સહિતની માહિતી અને મુદ્દા નં.૨ તેના ભાડા અંગેની માહિતી અને તે અંગે થયેલા કરારો પરિપત્રો હુકમો ભાડા રસીદ અને પરવાનગી વિગેરે સંલગ્ન તમામ માહિતીના પ્રમાણપત્ર બાબતે માહિતી માંગતી અરજી બાબતે ન.મ.પુ./આ.નં./૧ તા.૧–૫–૦૮ થી રાઈટ ટુ ઈન્ફરમેશન સે.ઝોન/આ./નં.૧૯૬ તા.૨૧–૫–૦૮ થી આપેલ માહિતી મુદ્દા નં.૧ માં અધૂરી તથા મુદ્દા નં.૨ માહિતી નકારવા સબબ તા.૩૦–૫–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા ઈન્કાર અંગેની સ્પષ્ટતાહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭ તા.૪–૬–૦૮ ના રોજ આસી.કમિશનર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (નર્મદ પુસ્તકાલય) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.ન.મ.પુ./જા.નં.૧૭૮ તા.૨૬–૬–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે મુજબ તેઓ કક્ષાએથી પત્ર નં.ન.મ.પુ./જા./નં.૩ તા.૧૧–૬–૦૮ થી અરજદારને નહીં પૂરી પાડેલ પૂરી વિગતના એડ્રેસ સહિતની ઉપલબ્ધ ઠરાવ તેમજ સાધનિક નકલો સહિતની માહિતી પૂરી પાડેલ જણાય છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૩–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને મુદ્દા નં.૧ અને ૨ બાબતે અરજદારને તા.૧૧–૬–૦૮ થી સે.ઝોનમાં આવેલ મનપા સંચાલિત પંદર (૧૫) વાચનાલયોની નોંધ નંબર સાથે માહિતી પૂરી પાડેલ છે જેની અરજદારે સ્વીકાર્યાની પહોંચ જાહેર માહિતી અધિકારીએ રજુ કરેલ છે જેથી આ અંગે હવે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન,...... જાણ માટે
(૨) ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી,(નર્મદ પુસ્તકાલય)....જાણ તથા અમલ માટે.
(૩) શ્રી સૈયદ સાબીર અલી,